**નવી બાબત: વર્ષ: ૨૦૨૬-૨૭**
પ્રધાનમંત્રી અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના (PM-AJAY) અંતર્ગત એસ.સી.ડબલ્યુ–૪૮ બાબુ જગજીવનરામ છાત્રાવાસ યોજનામાં ૩.૦.૦૧ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/PAA/e-file/17/2025/3066/K
સચિવાલય, ગાંધીનગર.
તા.ઈ સાઈન મુજબ

**વંચાણે લીધા:-**

(૧) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના PM-AJAY (May-2023) ની માર્ગદર્શિકા

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૦.૦૧.૨૦૨૬ ના પત્ર ક્ર. DSCWG/bjc/e-file/224/2026/0729/Planning

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૬.૦૩.૨૦૨૬ ના પત્ર ક્ર. DSCWG/bjc/e-file/224/2026/0729/Planning

**આમુખ:**

ભારત સરકારની પ્રધાનમંત્રી અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના (PM-AJAY) અંતર્ગત એસ.સી.ડબલ્યુ–૪૮ બાબુ જગજીવન રામ છાત્રાવાસ યોજના અમલમાં છે. આ યોજનાનો હેતુ ખાસ કરીને શાળામાં અધવચ્ચેથી ઉઠી જતી અનુસૂચિત જાતિના વિદ્યાર્થિનીઓનું પ્રમાણ ઘટાડવાનો અને શાળામાં તેમની હાજરી જાળવી રાખવાનો છે તેમજ આ ઘટક હેઠળ લક્ષિત જૂથના વિદ્યાર્થીઓને નિવાસની સુવિધાઓ પૂરી પાડવા માટે નવા છાત્રાલયોનું બાંધકામ તેમજ આ ઘટક હેઠળ બાંધવામાં આવેલ ચાલુ છાત્રાલયોના સમારકામને આવરી લેવામાં આવે છે.

બાબુ જગજીવન રામ છાત્રાવાસ યોજના, એસ.સી.ડબલ્યુ–૪૮માં રાજ્ય ખાતે ઘણા સમયથી બજેટ જોગવાઇ કરવામાં આવેલ ન હોવાથી અત્રેની દરખાસ્ત મુજબ નાણા વિભાગ દ્વારા વર્ષ: ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સદર યોજનાનો સમાવેશ કરી ૩.૦.૦૧ કરોડની ટોકન જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૬.૦૩.૨૦૨૬ના પત્રથી એસ.સી.ડબલ્યુ–૪૮: બાબુ જગજીવન રામ છાત્રાવાસ યોજનામાં ૩.૦.૦૧ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામા આવેલ છે. જેને વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા એસ.સી.ડબલ્યુ–૪૮ બાબુ જગજીવન રામ છાત્રાવાસ યોજનામાં ટોકન જોગવાઇ લેખે મંજુર કરવામાં આવેલ ૩.૦.૦૧ કરોડ ખર્ચ કરવાની બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાંજ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ રાખવાની રહેશે.

(૨) ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(3) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

(૫) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૬)નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ આ યોજનાનું Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮)આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨)સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણ ાશે.

(૧૩) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૫: મુખ્ય સદર- ૪૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગો, પેટા સદર-૦૧ એસ.સી. ડબલ્યુ–૪૮ બાબુ જગજીવન રામ છાત્રાવાસ યોજના (BJRCY) બાંધકામ/વિસ્તરણ/જાળવણી (કેન્દ્રફાળો ૧૦૦%), ગૌણ સદર-૭૮૯ અનુસૂચિત જાતિઓ

માટે વિશેષ ઘટક યોજના, પેટા સદર-૦૧ એસ.સી.ડબલ્યુ–૪૮ બાબુ જગજીવન રામ છાત્રાવાસ યોજના સદર હેઠળ ઉધારવાનો રહેશે, આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮.૦૪.૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-

**(કૌશલ લાંઘણોદા)**

સેકશન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:-**

- મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા. ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (અ.જા.ક.)ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી. સા.ન્યા. અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામક(અ.જા.ક.) મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (અ.જા.ક.) [નિયામક,અ.જા.ક., મારફત]
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામક,અ.જા.ક., મારફત)
- સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જીલ્લા પંચાયત,(નિયામક,અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યાય અને અધિ. વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified

Signed by:Kaushal C Langhnoda
Section Officer InCharge
Date:2026.05.11
13:46:05 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign